# A Diary of Events & News

સ્પર્ધાત્મક પરીક્ષાના વિદ્યાર્થીઓને સમર્પિત


- January 2017
- વર્ષ 02
- અંક 01
- સળંગ અંક 13


## સંપાદન


કિરીટ વાઘેલા

રાખેજ પ્રાથમિક શાળા

પો. રાખેજ,તા. સુત્રાપાડા,

જી.ગીર સોમનાથ, મો.9737589938

Email - kiritv41@gmail.com

Blog – siddharthfoundationk.blogspot.in


## વિષયસૂચિ


- સંપાદકીય.................................02
- પોઝીટીવ સ્પાર્ક......................... 03
- ચર્ચિત મુદ્દાઓ........................ 04
- ગુજરાત પરિદ્રશ્ય.......................05
- રાષ્ટ્રીય પરિદ્રશ્ય...................... 07
- આંતરાષ્ટ્રીય પરિદ્રશ્ય................09
- સંવિધાન અને શાષન.................11
- વર્તમાન આર્થિક પરિદ્રશ્ય...........12
- વિજ્ઞાન અને ટેક્નોલોજી..............13
- રમત-જગત...............................14
- શોર્ટ રિવ્યુ.................................17

# સંપાદકીય

A Dairy of Events & News નો આ અંક તમારા હાથમાં આવશે ત્યારે ઈ.સ. 2016ના વર્ષનો સુર્યાસ્ત થઈ ગયો હશે અને ઈ.સ. 2017ના વર્ષનું આગમન થઈ ચુક્યું હશે. નવુ વર્ષ આવી ગયુ તે પરિવર્તનને પણ આપણે સ્વિકારી લેશુ પરંતુ આપણે પોતાના જીવનમાં પરિવર્તન લાવતા નથી. આપણે જુના વર્ષની સાથે સાથે આપણી અંદર રહેલી કુટેવો, વહેમ, વેરભાવ, વ્યસનો, ભેદભાવ વગેરે જેવા દુષણોને પણ અલવિદા કરીએ. જુના વર્ષમાં જીવનમાં ફેલાયેલ નિરાશા અને હતાશાને ખંખેરીને નવા વર્ષને નવી આશા અને ઉમંગ સાથે વધાવીએ. પોતાના લક્ષ્યને મેળવવા સચોટ આયોજન સાથે વધુ મહેનત કરી તેને પામવાનો પ્રયત્ન કરીએ. આ ઉપરાંત નવા વર્ષમાં સારા વિચારો અને સંકલ્પો સાથે લાઈફને ઈન્જોય સ્વરૂપે જીવવાની શરૂઆત કરીએ એ જ આશા સાથે સૌ વાચક મીત્રોને HAPPY NEW YEAR....................

કિરીટ વાઘેલા

# પોઝીટીવ સ્પાર્ક

વિશ્વમાં સ્થિત કોઈપણ વસ્તુ ખરાબ નથી હોતી પરંતુ તેને ખરાબ આપણા વિચારો બનાવે છે. આપણે જ દરેક વસ્તુઓને અર્થ આપીએ છે. કોઈની ઉપર સારા કે ખરાબનો સિક્કો લાગેલો હોતો નથી, દરેક વસ્તુ તટસ્થ હોય છે. મેઘધનુષ કે વાવાઝોડું પોતાની રીતે ખરાબ નથી હોતા પણ તે તો મેઘધનુષ અને વાવાઝોડું જ છે, બસ આપણે તેના વિશે જેવુ મહેસુસ કરીએ છે તેવી તેની અસર મહેસુસ થાય છે. આવી જ રીતે કોઈ વ્યક્તિ સારો કે ખરાબ નથી હોતા પરંતુ આપણી મુલ્યાંકનની દ્રષ્ટિમાં ફેરફાર હોય છે. કોઈપણ સંબંધ પોતાની રીતે સારો કે ખરાબ નથી હોતા પરંતુ તે સંબંધ વિશે તમે કેવુ મહેસુસ કરો છો તેનાથી નક્કી થાય છે કે તે સંબંધ તમારા માટે સારો છે કે ખરાબ. એટલે જ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ સરળતાને શોધવી જોઈએ. જો આપણું મગજ આવી નાની નાની બાબતોમાં જ ગુચવાયેલુ રહેશે તો તે બાબતો તમને તમારા સપનાઓ પૂર્ણ કરવામાં અડચણરૂપ થશે અને તમને મુશ્કેલમાં રાખશે. આવી મહત્વહિન બાબતો પાછળ હેરાન થઈ રખડતા રહેશો તો એક સારા ધ્યેય માટે એકાગ્રત નહી રહી શકો. સારી ભાવનાઓને પોતાના માટે રક્ષિત કરો અને પોતાનુ જીવન સરળ અને સમૃધ્ધ બનાવો.

*“કોઈ પણ બાબત સારી કે ખરાબ નથી હોતી, ફક્ત આપણા વિચારો જ તેને તેવા બનાવે છે.”* – *વિલિયમ શેક્સપિયર (1564 – 1616)*

*“જટિલતામાં સરળતા શોધો. વિવાદમાં સદભાવના શોધો. તક હંમેશા મુશ્કેલ પરિસ્થિતિઓ વચ્ચે છૂપાયેલી હોય છે.”*

*- આલ્બર્ટ આઈંસ્ટાઈન (1879 – 1955)*

# ચર્ચિત મુદ્દાઓ

## તામિલનાડુના મુખ્યમંત્રી જે.જયલલિતાનું અવસાન (24 ફેબ્રુઆરી 1948 – 5 ડિસેમ્બર 2016)



- જન્મ મંડયા જિલ્લો (કર્ણાટક)ના મેલકોટ નગરમા થયો હતો.
- પક્ષ **AIADMK** (ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કગઝમ).
- તેમના પાર્થિવ શરીરને ચેન્નઈના મરીના બીચ ખાતે તામિલનાડુના પૂર્વ મુખ્યમંત્રીઓ સી.એન.અન્નાદુરાઈ અને એમ.જી.રામચંદ્રનની સમાધી પાસે દફનાવવામાં આવ્યો હતો.
- 1961માં 15 વર્ષની ઉમરે અંગ્રેજી ફિલ્મ 'એપિસલ' થી કારકિર્દીની શરૂઆત કરી હતી.
- 1982માં તેના રાજકિય ગુરુ એમ.જી.રામચંદ્રનના કહેવાથી તેઓ **AIADMK** માં જોડાયા.
- 1984માં રાજ્યસભાના સંસદ સભ્ય બન્યા હતા.
- 1987માં એમ.જી.રામચંદ્રનના નિધન બાદ તેઓ **AIADMK**ના વડા બન્યા.
- જુન 1991ની વિધાનસભાઓની ચુંટાણીમાં કોંગ્રેસ સાથે ગઠબંધન કરી તામિલનાડુના સૌથી યુવાન મુખ્યમંત્રી બન્યા.
- 7 ડિસેમ્બર 1996નાં કલર ટીવી કૌભાંડમાં 30 દિવસની જેલ થઈ.
- મે 2001માં બીજીવાર મુખ્યમન્ત્રી બન્યા.
- વર્ષ એપ્રિલ 2011માં 13 પક્ષોના એલાયન્સ બનાવી ત્રીજીવાર તામિલનાડુમાં સત્તા મેળવી.
- 27 સપ્ટેમ્બર 2014માં તેમને ભ્રસ્ટાચારના આરોપ બદલ ચાર વર્ષની સજા થઈ જેથી તેમણે મુખ્યમંત્રી પદે રાજીનામુ આપ્યુ.
- સજામાંથી મુક્તિ મળતા તેઓ 23 મે 2015ના ફરીથી મુખ્યમંત્રી બન્યા.
- મે 2016માં થયેલ વિધાનસભાની ચુંટણીઓમાં વિજેતા થતા તેઓ પાંચમી ટર્મ માટે મુખ્યમંત્રી બન્યા.
- 22 સપ્ટેમ્બર 2016ના ચેન્નઈની અપોલો હોસ્પિટલમાં દાખલ થયા હતા.
- 5 ડીસેમ્બર 2016ના રાત્રે 11:30 કલાકે તેમનું દુ:ખદ અવસાન થયું.
- તેમણે ચલાવેલી યોજનાઓ – અમ્મા કેન્ટિન, અમ્મા મિનરલ વોટર(2013) અમ્મા સોલ્ટ (2014), અમ્મા સિમેન્ટ (2015), અને અમ્મા ફાર્મસી (2016). અમ્મા કેન્ટિનમાં એક રૂપિયામાં ઈડલી અને 5 રૂપિયામાં સાંભર અને ભાત મળે છે.
- તામિલનાડુમાં પેરિયાર રામાસ્વામી (1972), સી. રાજગોપાલચારી (1972) અને એમ.જી. રામચંદ્રન (1987)ના મૃત્યુ પણ ડિસેમ્બરમાં થયા હતા.

# ગુજરાત પરિદ્રશ્ય

## અટલ સ્નેહ યોજના.

નવજાત શીશુઓની આરોગ્ય સુરક્ષા માટે 25 ડિસેમ્બરથી શરૂ થઈ. અટલ સ્નેહ એટલે સ્ક્રીનીંગ ઓફ ન્યુ બોર્ન ફોર એન્હાંસમેન્ટ ઓફ હેલ્થ.

## દેશની પ્રથમ ડિઝીટલ ચેકપોસ્ટનું લોકાર્પણ

અરવલ્લી જિલ્લાના શામળાજી ખાતે શરૂ થયુ. ઓટોમેટિક વ્હિકલ મેનેજમેન્ટ સિસ્ટમ (AVMS) દ્વારા પાવતી અને મેમો નિકળશે.

## ગુજરાતમાં ત્રણ કોસ્ટલ ઈકોનોમિક ઝોન બનશે.

આ ત્રણ કોસ્ટલ ઈકોનોમિક ઝોન કુલ 13 જિલ્લાઓમાં બનશે. જેમાં રાજકોટ, અમરેલી, ભાવનગર, આણંદ,બરોડા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, અમદાવાદ, જુનાગઢ, પોરબંદર અને જામનગરમાં બનશે.

## રિટેઈલ બિઝનેસ માટે નવી ટ્રેડ પોલિસી

શહેરની હદમાં 15 ફુટ પહોળા રોડ પર રિટેઈલ ઝોન સ્થાપી શકાશે. APMCના નિયમોમાંથી મુક્તિ મળશે. સવારના 5 થી રાતના 11 સુધી કારોબાર કરી શકાશે. રિટેઈલ બિઝનેસ માટે ટ્રેડ પોલિસી બનાવનાર ગુજરાત દેશમા કર્ણાટક, આન્ધ્રપ્રદેશ અને મહારાષ્ટ્ર બાદ ચોથુ રાજ્ય બન્યુ.

## સદાકાળ ગુજરાત કાર્યક્રમનુ ઉદ્ઘાટન.

બિન નિવાસી ગુજરાતી પ્રભાગ અને બિન નિવાસી પ્રતિષ્ઠાન ના ઉપક્રમે વારાણસીના અરિસઘાટ ખાતે યોજાયેલ કાર્યક્રમ.

## આરોગ્ય નીતિ 2016

PPP ધોરણે મેડિકલ કોલેજો માટે સરકાર પ્રોત્સાહન આપશે. મેડિકલની 5 હજાર બેઠકો થશે. મેડિકલની બેઠક દિઠ રૂ. 15 લાખની સહાય. સુપર સ્પેશ્યાલિટી અને ચેરિટેબલ ટ્રસ્ટની હોસ્પિટલને 10 કરોડની સહાય.

## ગુજરાતમાં હુક્કાબાર પર પ્રતિબંધ

સરકારનો વટહુકમ દ્વારા નિર્ણય. કાયદાનો ભંગ કરનારને એક થી ત્રણ વર્ષની સજા. 20 થી 50 હજારનો દંડ થશે.

## 13 નવા ઔધોગિક અને 3 લોજિસ્ટિક પાર્ક બનશે.

13 નવા ઔધોગિક પાર્ક માટે 809 એકર જમીન ફાળવાઈ. આ ઔધોગિક પાર્ક વિરમગામ, સાણંદ, બાવળા, માંડલ (અમદાવાદ), કરજણ (વડોદરા), કડી (મહેસાણા), ખેડા (ખેડા) અને કામરેજ (સુરત) માં બનશે. જ્યારે 3 લોજિસ્ટિક પાર્ક સુરત, પાટણ અને વલસાડમાં બનશે.

## પ્રમુખસ્વામી મહારાજના નામ સાથે સ્ટેડિયમનુ નામ

સુરતના પાલનપુર ખાતે બનનાર સ્ટેડિયમનુ નામ જોડાયુ અને રૂ. 5 અને 10 ની પોસ્ટલ ટીકીટ બહાર પાડવામાં આવી.

## મા – કર્મયોગી યોજના

ફિક્સ પગારના કર્મચારીઓના ગંભીર બિમારી માટે તેમના પરિવાર ને 2 લાખ સુધીના સારવારનો ખર્ચ સરકાર તરફથી મળશે.

## રાજ્યમાં 10,318 ગ્રામ પંચાયતોની ચુંટણી યોજાઈ.

27 ડિસેમ્બરના મતદાન અને 29 ડિસેમ્બરના પરિણામ

## બનાસકાંઠાના ડિસામાં બનાસ ડેરીના પ્રોજેક્ટનું વડાપ્રધાન દ્વારા ઉદ્ઘાટન થયુ.

બનાસ ડેરીના 350 કરોડના ચિઝ અને વ્હે પ્લાન્ટનું ઉદ્ઘાટન અને બનાસ મધ પ્રોજેક્ટનો પ્રારંભ તથા દેશી કાંકરેજી એ-2 દૂધનું લોકાર્પણ થયું. બનાસ ડેરીની સ્થાપના ગલબાભાઈ નાનજીભાઈ પટેલ દ્વારા 1969માં થઈ હતી. હતી. વડાપ્રધાને વર્ષ 2016 – 17ના વર્ષને તેમની જન્મશતાબ્દી વર્ષ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી

## એરોસ્પેસ એન્ડ ડિફેન્સ પોલિસી -2016

ગુજરાતમાં વિમાન સહિત સંરક્ષણ સાધનોનું ઉત્પાદન થાય તે માટે જાહેર કરી. આ પોલિસી અંતર્ગત પીપાવાવ ખાતે યુદ્ધ જહાજોના ઉત્પાદન માટે વિશાળ યાર્ડ તથા નાની ફેકટરીઓ સ્થાપાશે.

## અમદાવાદ – રાજકોટ વચ્ચે 6 માર્ગનો હાઈવે બનશે.

## બાયોટેક્નોલોજી પોલિસી 2016

બાયોટેક્નોલોજી ક્ષેત્રમાં સ્થપાનાર કંપનીને 50 કરોડની કેપિટલ સહાય અને બાયોટેક્નોલોજી પાર્ક માટે 25 કરોડની સબસીડી સરકાર આપશે.

## આયુર્વેદમાં 1111 શિરોધારાનો ગીનીઝ બૂકમાં રેકોર્ડ.

અમદાવાદમાં સ્વામિનારાયણ ગુરૂકુલ વિશ્વવિધ્યા પ્રતિષ્ઠાનમ (SGPV) ખાતે 50 મિનીટ સુધી 1111 શિરોધારાનો સંગિતનો કાર્યક્રમ યોજાયો.

## ઓનલાઈન ઠગાઈ સામે 5 કરોડ સુધીનુ વળતર મળશે

છેતરપિંડી બાબતે રાજ્યના આઈ.ટી. સચિવ સમક્ષ અરજી કરવી પડશે. રાજ્યના આઈ.ટી. સચિવને સિવિલ કોર્ટની સતા આપવામાં આવી છે.

GK EXAM

# રાષ્ટ્રીય પરિદ્રશ્ય

### ભારતીય સેનામાં બ્રોફોર્સની હોવિત્ઝર પ્રકારની 145 તોપોનો સમાવેશ થશે.

અમેરિકા સાથે કરાર થયો.આ તોપો ઉંચાઈવાળા પ્રદેશોમાં સારું કામ આપતી હોવાથી આ અલ્ટ્રા લાઈટવેટ તોપ ચીન સરહદે તૈનાત થશે.

### આંધ્ર પ્રદેશ અને તામિલનાડુંમા ‘વરદા’ નામનું વાવાઝોડુ આવ્યુ.

### હિમાચલ પ્રદેશ દેશનુ બિજું જાહેર શૌચ મૂક્ત રાજ્ય

પ્રથમ રાજ્ય સિક્કિમ બન્યુ હતુ.

### રેલ્વેમાં સિનિયર સિટીઝનનો લાભ લેવા માટે આધાર કાર્ડ 1 જાન્યુઆરીથી ફરજીયાત

### અજમેર – સિયાલદાહ ટ્રેન અક્સમાત

કાનપુરના રૂરા નજીક. 62 લોકો ઘાયલ થયા.

### ભીમ (ભારત ઈન્ટરફેસ ઓફ મની) એપ્સ.

ઈન્ટરનેટ વગર આર્થિક લેવડદેવડની સરકર દ્વારા 30 ડિસેમ્બરના તાલકરોડ સ્ટેડિયમ ખાતેથી લોન્ચ કરેલ એપ. **UPI** અને **USSD** દ્વારા થતા ઈ પેમેન્ટને નવા સ્વરૂપે રજુ કરાયુ છે. **NPCI (National Payment Corporation of India)** દ્વારા આ એપ બનાવવામાં આવી છે. જે ઈન્ટનેટ વગર પણ ચલાવી શકાશે. એક દિવસમાં ઓછામાં ઓછા 10 હજાર અને વધુમાં વધુ 20 હજારનું પેમેન્ટ કોઈપણ ચાર્જ વગર ટ્રાંસફર કરી શકાશે. આ એપનુ નામ ડૉ. બાબાસાહેબ આંબેડકરના નામ પરથી રાખવામાં આવ્યુ છે.

### NEET હવે આઠ ભાષાઓમાં લેવાશે.

વર્ષ 2017 – 18 થી નીટ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, મરાઠી, બંગાળી, આસામી, તેલુગુ અને તામીલમાં લેવાશે.

### ડિઝીટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા 340 કરોડના ઈનામોની જાહેરાત

**UPI, USSD, AEPS** અને **RUPAY** કાર્ડથી ચુકવણી કરનારને લાભ મળશે. આ માટે લક્કી ગ્રાહક યોજના અને ધન વેપાર યોજના 100 દિવસ ચાલશે. આ માટે પ્રથમ ડ્રો 25 ડિસેમ્બર 2016 અને મેગા ડ્રો 14 એપ્રિલ 2017ના થશે.

**UPI – Unified Payment Interface**

**USSD – Unstructured Sunlimentry Service Data**

**AEPS – Aadhar Enabled Payment System**

### ઉત્તરાખંડમા ચારધામ રાજમાર્ગ વિકાસ યોજના

વડાપ્રધાન દ્વારા શિલાન્યાસ થયો. 12 હજાર કરોડના ખર્ચે ઋશિકેશથી યમનોત્રી સુધીના આ હાઈવેમાં ઋશિકેશ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમનોત્રી ને જોડવામા આવશે. ચારધામ વચ્ચેનું અંતર 813 કિમી થી ઘટીને 389 કીમી થશે.

### છત્રપતિ શિવાજી મહારાજ સ્મારકનુ જળપૂજન

વડાપ્રધાનના હસ્તે મુંબઈના મરીન ડ્રાઈવથી સમુદ્રમાં 4 કિમી દૂર 3600 કરોડના ખર્ચે બનનાર સ્મારકનુ જળપુજન થયુ. અહી વિશ્વની સૌથી ઊંચી 192 મીટરની શિવાજી મહારાજની પ્રતિમા બનશે.

GK EXAM

| | |
|---|---|
| ***અરૂણાચલ પ્રદેશમાં ફરીથી રાજકિય સંકટ***<br><br>મુખ્યમંત્રી પેમા ખાંડુને તેમના પક્ષ **PPA** માંથી સસપેન્ડ કરવામાં આવ્યા છે. ત્યારબાદ **PPA**ના 33 ધારાસભ્યો સાથે તેઓ ભાજપમાં ભળતા ત્યાં ભાજપની સરકાર બની છે અને મુખ્યમંત્રી પેમા ખાંડુને બનાવવામાં આવ્યા છે. સપ્ટેમ્બર 2016મા મુખ્યમત્રી પ્રેમા ખાંડુ સહિત 43 ધારાસભ્યો પીપલ્સ પાર્ટી ઓફ અરૂણાચલ (PPA) માં ભળી ગયા. ફક્ત ભુતપૂર્વ મુખ્યમંત્રી નાબામ તુકી જ કોંગ્રેસમાં રહ્યા.અરૂણાચલમાં છેલ્લા બે વર્ષથી રાજકિય ઉથલપાથલ થાય છે. | ***સમાજવાદી પાર્ટીમાં આંતરકલહ***<br><br>મુખ્યમંત્રી અખીલેશ યાદવની પક્ષમાંથી હકાલપટ્ટી બાદ ફરી થી પક્ષમાં એન્ટ્રી થઈ તેઓને મુલાયમસિંહની જગ્યાએ સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે<br><br>***પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નવી બે હાઉસીંગ યોજનાઓ***<br><br>શહેરોમાં 2017 સુધી નવુ ઘર બનાવવા 9 લાખ સુધીની લોનમાં વ્યાજમાં 4% અને 12 લાખ સુધીની લોનમાં 3% ની છુટ. આ ઉપરાંત ગામડામાં મકાન રિપેર માટે 2 લાખની સહાય અને તેના વ્યાજમાં 3% ની છુટ આપી. ગર્ભવતી મહિલાઓને 6000 હજારની સહાય અપાશે. |
| ***મણીપુરમાં આર્થિક કટોકટી જેવી સ્થિતિ.***<br><br>પેટ્રોલનો ભાવ 250 રૂ. થયો. નવા સાત જિલ્લાઓની રચનાથી નાગા આદિવાસીઓનો વિરોધ. | ***ભારતની ફિલ્મો એમ.એસ. ધોની - અનટોલ્ડ સ્ટોરી અને સરબજીત ઓસ્કાર એવોર્ડ માટે નોમિનેટ થઈ.*** |

GK EXAM

# આંતરાષ્ટ્રીય પરિદ્રશ્ય

### *TIME મેગેઝીનની સૌથી વધુ અસરકારક તસ્વીરોની યાદી*

વર્ષ 1820 થી 2015 સુધીના વર્ષોમા લેવાયેલ તસ્વીરોની યાદી જાહેર. આ યાદીમાં 1946મા મહિલા ફોટોગ્રાફર માર્ગરેટા બર્ક વ્હાઈટ દ્વારા લેવાયેલ ગાંધીજીની ચરખા સાથેના ફોટાનો સમાવેશ થયો છે.

### *ભારત – વિયેતનામ વચ્ચે પરમાણુ સમજુતી સહિત હવાઈ, ઉર્જા અને લશ્કરી એમ ચાર કરારો*

### *વેનેઝુએલામાં નોટબંધી મોકુફ રખાઈ.*

રોકડની અછતના કારણે 11 ડીસેમ્બરના લાગુ થયેલ નોટબંધી સાત દિવસમાં મોકુફ રખાઈ. 100 બોલિવરની નોટ બંધ કરાઈ હતી. પાટનગર –કારકસ, નાણુ – બોલિવર અને રાષ્ટ્રપતિ –નિકોલસ મદૂરો છે.

### *ચીનમાં વિશ્વના સૌથી ઉંચા પુલનું લોકાર્પણ*

જમીનથી 1854 ફુટ ઉંચાઈ, 980 કરોડનો ખર્ચ, લંબાઈ 1.34 કિ.મી. આ પુલથી યુનાન અને ગ્વિઝોઉ પ્રાંત વચ્ચે 75% અંતર ઘટ્યુ.

### *હોલિવુડની ગ્રેટેસ્ટ ફિલ્મ ધ ગુડ,ધ બેડ એન્ડ ધ અગ્લી ને 50 વર્ષ પૂર્ણ થયા.*

23 ડિસેમ્બર 1966ના ઈટલીમાં રજુ થઈ હતી. નિર્દેશક સર્જિયો લિયોન હતા. આ ફિલ્મ 12 લાખ ડોલરમાં બની હતી અને તેમણે અઢી કરોડની કમાણી કરી હતી. 1968માં આ ફિલ્મ પર થી લેખક મિલાર્ડે નવલકથા પણ લખી હતી.

### *ભારતને અમેરિકાનું સરંક્ષણ પાર્ટનર બનાવતુ બીલ અમેરિકન કોંગ્રેસમાં પાસ થયુ.*

પોતાનો કાર્યકાળ પૂર્ણ થતા પહેલા ઓબામાનો મહત્વપૂર્ણ નિર્ણય.

### *સ્વિટઝરલેન્ડમાં વિશ્વની સૌથી લાંબી ટનલ લોકો માટે ખુલ્લી મુકાઈ.*

769 અબજનો ખર્ચ થયો અને તે 57.1 કિમી. ની લંબાઈ ધરાવે છે. આ ટનલનું નામ ગોથાર્ડ બેઝ ટનલ છે. તેને બનાવતા 17 વર્ષ લાગ્યા છે. આ ટનલમાં પહાડમાં 2.3 કિમી નીચેથી પસાર થતી જગતની સૌથી ઉંડી સુરંગ છે. આ ટનલ એસ્ટર્ફેલ્ડ અને બોડીઓ શહેરને જોડશે અને તેનાથી ઝ્યુરીક થી લુગાનો વચ્ચેનુ અંતર 30 મિનીટ ઓછુ થશે. જાપાન ની સેઈકન સુરંગ 53.9 કિમી હાલ બીજા નંબરે છે.

### *વિશ્વ જાતીય સમાનતા રીપોર્ટ – 2016*

The Global Gender Gap Report વિશ્વ ઈકોનોમી ફોરમ દ્વારા રજુ. 144 દેશોની યાદીમાં ભારતનો 87મો ક્રમ.

પ્રથમ ત્રણ દેશો – આઈસલેન્ડ, ફિનલેન્ડ અને નોર્વે.

છેલ્લા ચાર દેશો – સાઉદી અરેબિયા (141), સિરીયા (142), પાકિસ્તાન (143) અને યમન (144).

### *રશિયન સેનાનું TU – 154 નામનુ વિમાન સિરીયા જતા કાળા સમુદ્રમાં ક્રેશ.*

92 લોકોના મોત થયા

### *દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ પાર્ક ગ્યુન સામે મહાભિયોગનો પ્રસ્તાવ પાસ.*

| | |
|---|---|
| *અમેરિકામાં નવા મંત્રીમંડળની રચના.*<br><br>રેક્સ ટિલરસન (વિદેશમંત્રી), નરલ જેમ્સ મેડિક (સરંક્ષણમંત્રી), સ્ટીવ નૂચિન (નાણામંત્રી), જેફ સેશન્સ (એટર્ની જનરલ). | *તુર્કીના અંકારામાં રશિયન રાજદૂત આંદ્રે કાર્લોવની હત્યા.*<br><br>મેવલ્ત મર્ત અલિતન્તાસ નામના વ્યક્તિ દ્વારા ગોળી મારી હત્યા કરવામા આવી. |

GK EXAM

# સવિંધાન અને શાષન

### કેંદ્રએ ઓબીસીમાં 15 નવી જાતિનો સમાવેશ કર્યો

નેશનલ કમિશન ફોર બેકવર્ડ ક્લાસની ભલામણને આધારે કેબિનેટની મંજુરી. આ યાદીમાં 9 પેટાજાતીઓનો પણ સમાવેશ કરવામા આવ્યો છે.

### ભારતનો RTI કાયદો વિશ્વનો ચોથા નંબરનો શ્રેષ્ઠ કાયદો બન્યો.

111 દેશોની યાદીમાં મેક્સિકો, સર્બિયા, સ્લોવાકિયા બાદ ભારતનો ચોથો નંબર

### અશક્ત વ્યક્તિ અધિકાર બિલ (સંશોધન) 2014 પાસ થયુ

દિવ્યાંગોની યાદીમા નવી 7 કેટેગરી વધારીને 21 કરવામાં આવી છે. આ યાદીમા એસિડ અને પાર્કિંસથી પિડિતને સ્થાન મળ્યું. 40% દિવ્યાંગતા હોય તો અનામત મળશે. ભેદભાવ રાખનારને 6 માસ થી 2 વર્ષ સુધીની સજા અને 5 લાખ સુધીનો દંડ. કેરળમા દિવ્યાંગ યુનિવર્સિટી શરૂ થશે. દેશની કુલ વસ્તીના 1.26 અબજ દિવ્યાંગો છે.

### આંતરરાજ્ય જળ વિવાદો ઉકેલવા કેંદ્ર સિંગલ ટ્રિબ્યનલ રચશે.

હાલની તમામ ટ્રિબ્યનલ્સનું એકીકરણ કરવામા આવશે.

### જુની નોટો ધરાવનારને દંડિત કરાતા વટહુકમને કેબિનેટની મંજુરી.

ચાર વર્ષ સુધીના કારાવાસની સજા અને 5 હજાર અથવા પાંચ ગણો દંડ.

### થિયેટરમાં ફિલ્મ શરૂ થાય તે પહેલા રાષ્ટ્રગીત ફરજીયાત

સુપ્રિમ કોર્ટનો નિર્ણય. 40 વર્ષ પહેલા બંધ થયેલો નિયમ ફરીથી શરૂ થશે. 2003માં આ નિયમ મહારાષ્ટ્રમાં લાગુ થયો હતો.

# વર્તમાન આર્થિક પરિદ્રશ્ય

## કાળા નાણા માટે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના

કેન્દ્ર સરકારે 9 નવેમ્બર 2016થી કરેલ નોટબંધી માટેની આ યોજના છે. 17 ડિસેમ્બર થી 31 માર્ચ 2017 સુધી કાળુ નાણુ જમા કરાવનાર 50% ટેક્સ ભરી કાળુ નાણુ કાયદેસર કરાવી શકશે અને આ રકમ ફક્ત એક જ વાર જમા કરાવી શકશે.

## સોનુ રાખવા બાબત કેંદ્રના નવા નિયમો

હવે થી પરણિત સ્ત્રીઓ 500 ગ્રામ, અપરણિત સ્ત્રીઓ 250 ગ્રામ અને પુરૂષો 100 ગ્રામ સોનુ રાખી શકશે.

## ચલણમાંથી રદ થયેલી નોટોમાંથી પ્લાઈવુડ બનશે.

આરબીઆઈ એ કેરળની 55 વર્ષ જુની પ્લાઈવુડ બનાવતી કંપનીને 80 હજાર કિલો જુની નોટો મોકલાવી.

## ભારતની ક્લેરિસ ઈન્જેક્ટેબલ્સ કંપનીને અમેરિકન ફાર્મા કંપની બેક્સ્ટર ઇન્ટરનેશનલ 4,237 કરોડમાં ખરીદશે.

આ ભારતીય ફાર્મા ક્ષેત્રની સૌથી મોટી ડીલ છે.

## ક્રુડતેલમાં આઠ વર્ષ બાદ ઉત્પાદન કાપનો OPEC (ઓપેક) નો નિર્ણય.

OPEC = Organization of Petroleum and Exporting Countries.

OPEC એ ક્રુડતેલના ઉત્પાદન તથા તેની કિંમતને નિર્ધારિત કરતુ સંગઠન છે, જેની સ્થાપના 1960મા ઈરાકની રાજધાની બગદાદમાં થઈ હતી.

GK EXAM

# વિજ્ઞાન, ટેકનોલોજી અને પર્યાવરણ

## અગ્નિ – 5 મિસાઈલનું સફળ પરિક્ષણ

ઓરિસ્સાના બાલાસિનોરના ચાંદીપુર (ડૉ. કલામ ટાપુ) થી DRDO (ડિફેન્સ રિચર્સ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન) દ્વારા સફળ પરિક્ષણ થયુ. આ તેનુ ચોથુ અને અંતિમ પરીક્ષણ હતુ. 5000 કિમીની રેંજ ધરાવતી આ મિસાઈલનુ વજન 50 ટન છે. તે 28 હજાર પ્રતિ કિમી.ની ઝડપથી પ્રહાર કરી શકે છે. અગ્નિ સિરીઝની મીસાઈલ્સ આ મુજબ છે, અગ્નિ 1 - 700 કીમી., અગ્નિ 2 - 2000 કીમી., અગ્નિ 3 - 2500 કીમી., અગ્નિ 4 - 3500 કીમી., અગ્નિ 5 - 5000 કીમી..

<u>વિશ્વના અન્ય દેશો પાસે લાંબી રેન્જની મિસાઈલ</u>

રશિયા – **R36** – 16,000 કિમી

અમેરિકા – **AGM30** – 12 થી 16 હજાર કિમી.

ચીન – દોફ્ફેંગ **5A – 13000** કિમી

ફ્રાન્સ – **M51 - 10** હજાર કિમી

ઈઝરાયેલ – જેરિકો3 – 6500 કિમી

## SMSને 25 વર્ષ પૂર્ણ થયા.

3 ડિસેમ્બર 1992ના વિશ્વનો પ્રથમ **SMS** બ્રિટનના નીલ પાયવર્ધએ પોતાના મીત્ર રિચાર્ડ જાર્વિસને કર્યો હતો તેમણે **SMS** માં મેરી ક્રિસમસ લખ્યુ હતું દર વર્ષે સાત અબજ **SMS** ની આપ લે થાય છે.વર્ષ 2014માં સૌથી વધુ 7480 **SMS** ની આપલે થઈ હતી જે રેકોર્ડ છે.

## ઈઝરાયેલના વિજ્ઞાનીઓ દ્વારા સર્વ પ્રથમ વૉટરવેવ લેસર બનાવ્યું.

તે સેલ બાયોલોજી અને નવી ડ્રગ થેરેપીના પરિક્ષણમાં ઉપયોગી

## ઈસરો દ્વારા રિસોર્સસેટ - 2A ને સફળપૂર્વક અવકાશમા મોકલ્યો.

આ ઉપગ્રહ રિમોટ સેન્સિંગ પ્રકારનો સેટેલાઈટ છે જેનુ વજન 1235 કિગ્રા. છે. તેને આન્ધ્રપ્રદેશના શ્રી હરીકોટાથી PSLV – C 36 મારફત છોડવામાં આવ્યો હતો. તે ખેતી વિષયક એપ્લિકેશનમાં ઉપયોગી થશે

## ચીને સ્ટિલ્થ વિમાન FC – 31 નુ સફળ પરિક્ષણ

આ પ્રકારનુ વિમાન રડારમાં પકડાતુ નથી. ચીન આ વિમાનોની નિકાસ પણ કરશે.

# રમત-જગત

## મહિલા જુનિયર હોકી વર્લ્ડકપ 2016

સ્થળ – સેન્ટિયાગો (ચીલી)

વિજેતા – આર્જેન્ટિના, ઉપવિજેતા – નેધરલેન્ડ

ત્રીજુ સ્થાન – ઓસ્ટ્રેલિયા, ચોથુ સ્થાન – સ્પેન

| ક્રમ | વર્ષ | સ્થળ | વિજેતા | ઉપવિજેતા |
|---|---|---|---|---|
| 1 | 1989 | કેનેડા | પ્ર. જર્મની | દ.કોરિયા |
| 2 | 1993 | સ્પેન | આર્જેન્ટિના | ઓસ્ટ્રેલિયા |
| 3 | 1997 | દ.કોરિયા | નેધરલેન્ડ | ઓસ્ટ્રેલિયા |
| 4 | 2001 | આર્જેન્ટિના | દ.કોરિયા | આર્જેન્ટિના |
| 5 | 2005 | ચીલી | દ.કોરિયા | જર્મની |
| 6 | 2009 | અમેરિકા | નેધરલેન્ડ | આર્જેન્ટિના |
| 7 | 2013 | જર્મની | નેધરલેન્ડ | આર્જેન્ટિના |
| 8 | 2016 | ચીલી | આર્જેન્ટિના | નેધરલેન્ડ |

## ફોર્મ્યુલા વન ચેમ્પિયનશીપ વિજેતા નિકો રોસબર્ગ (જર્મની)એ નિવૃતિ જાહેર કરી.

અબુધાબી ગ્રા.પ્રી. ચેમ્પિયનશીપ 2016માં બીજા સ્થાને રહી તે વર્ષ 2016નો ફોર્મ્યુલા વન વર્લ્ડ ચેમ્પિયન બન્યો

## પેનાસોનિક ઓપન ગોલ્ફ ચેમ્પિયનશીપ

ભારતના મુકેશકુમાર વિજેતા થયા. મોટી ઉમરે (51 વર્ષ) એશિયન ટુરમાં વિજેતા થનાર પ્રથમ ભારતીય બન્યા.

## રશિયામાં રમાયેલ વર્લ્ડ સ્કુલ ચેસ ચેમ્પિયનશીપ 2016માં ગુજરાતની ધ્યાના પટેલએ ગોલ્ડ જીત્યો.

## 11મો જુનિયર મેન્સ હોકી વર્લ્ડ કપ 2016

સ્થળ – લખનૌ (ભારત)  વિજેતા – ભારત, ઉપવિજેતા – બેલ્જિયમ

| ક્રમ | વર્ષ | સ્થળ | વિજેતા | ઉપવિજેતા |
|---|---|---|---|---|
| 1 | 1979 | ફ્રાંસ | પાકિસ્તાન | પ્ર.જર્મની |
| 2 | 1982 | મલેશિયા | પ્ર.જર્મની | ઓસ્ટ્રેલિયા |
| 3 | 1985 | કેનેડા | પ્ર.જર્મની | નેધરલેન્ડ |
| 4 | 1989 | મલેશિયા | પ્ર.જર્મની | ઓસ્ટ્રેલિયા |
| 5 | 1993 | સ્પેન | જર્મની | પાકિસ્તાન |
| 6 | 1997 | ઈંગલેન્ડ | ઓસ્ટ્રેલિયા | ભારત |
| 7 | 2001 | ઓસ્ટ્રેલિયા | ભારત | આર્જેન્ટિના |
| 8 | 2005 | નેધરલેન્ડ | આર્જેન્ટિના | ઓસ્ટ્રેલિયા |
| 9 | 2009 | મલેશિયા/સિંગાપોર | જર્મની | નેધરલેન્ડ |
| 10 | 2013 | ભારત | જર્મની | ફ્રાંસ |
| 11 | 2016 | ભારત | ભારત | બેલ્જિયમ |

## મહિલા ક્રિકેટ એશિયા કપ 2016

સ્થળ – બેંકકોંગ (થાઈલેન્ડ)

વિજેતા – ભારત, ઉપવિજેતા – પાકિસ્તાન

વર્ષ 2012 થી ટી 20 ફોર્મેટમા રમાય છે.

| ક્રમ | વર્ષ | સ્થળ | વિજેતા | ઉપવિજેતા |
|---|---|---|---|---|
| 1 | 2004 | શ્રીલંકા | ભારત | શ્રીલંકા |
| 2 | 2005 – 06 | પાકિસ્તાન | ભારત | શ્રીલંકા |
| 3 | 2006 – 07 | ભારત | ભારત | શ્રીલંકા |
| 4 | 2008 | શ્રીલંકા | ભારત | શ્રીલંકા |
| 5 | 2012 | ચીન | ભારત | પાકિસ્તાન |
| 6 | 2016 | થાઈલેન્ડ | ભારત | પાકિસ્તાન |

## ફોર્મ્યુલા વનમાં વર્ષ 2018થી ફ્રેન્ચ ગ્રા.પી.નો સમાવેશ.

દક્ષિણ ફ્રાન્સના પોલ રિચાર્ડ સર્કિટ ખાતે રમાતી આ રેસ છેલ્લે 2008માં રમાઈ હતી.

## ગુજરાતના પ્રિયાંક પંચાલની રણજી ટ્રોફીમાં સળંગ ત્રીજી સદી.

રણજીની ચાલુ સિઝનમાં 1000 રન કરનાર ભારતનો પ્રથમ બેટસમેન બન્યો.

## ઓસ્ટ્રેલિયા – ન્યુઝીલેન્ડ વનડે સિરીઝ. ઓસ્ટ્રેલિયા 3-0 થી વિજય

## જુનિયર એશિયા કપ ક્રિકેટ 2016

સ્થળ – (શ્રીલંકા)

| ક્રમ | વર્ષ | સ્થળ | વિજેતા | ઉપવિજેતા |
|---|---|---|---|---|
| 1 | 2012 | મલેશિયા | ભારત,પાક. | સયુંક્ત |
| 2 | 2013/14 | યુએઈ | ભારત | પાકિસ્તાન |
| 3 | 2016 | શ્રીલંકા | ભારત | શ્રીલંકા |

## પંકજ અડવાણી 11મી વાર વર્લ્ડ બિલિયર્ડ્ઝ ટાઈટલ વિજેતા.

ફાઈનલમાં સિંગાપોરના પીટર ગિલક્રિસ્ટને હરાવ્યો. ગુજરાતના રૂપેશ શાહ બ્રોંઝ મેડલ વિજેતા,તેમણે વર્લ્ડ બિલિયર્ડ્ઝ લોંગ અપ ફોર્મેટમાં સતત ત્રીજો બ્રોંઝ જીત્યો.

## ન્યુઝીલેન્ડ –બાંગલાદેશ વનડે શ્રેણી ન્યુઝીલેન્ડ 3 – 0 થી વિજય

## ઈન્ટરનેશનલ ટેનિસ પ્રીમીયર લીગ 2016

નવી દિલ્હી ખાતે ચાર ફ્રેન્ચાઈઝી ઈન્ડિયન એસર્સ, યુએઈ રોયલ્સ, સિંગાપોર સ્લેમર્સ અને જાપાન વોરિયર્સ વચ્ચે રમાઈ.

વિજેતા 2014 - ઈન્ડિયન એસર્સ, 2015 - સિંગાપોર સ્લેમર્સ, 2016 - સિંગાપોર સ્લેમર્સ

## ભારત – ઈંગ્લેન્ડ ટેસ્ટ શ્રેણીમાં ભારત 4 – 0 થી વિજેતા થયુ.

ચોથી ટેસ્ટમાં કોહલીની બેવડી સદી, એક જ વર્ષમાં ત્રણ બેવડી સદીનો રેકોર્ડ. પાંચમા ટેસ્ટમા કરૂણ નાયરની ત્રેવડી સદી (303 રન નોટઆઉટ), કોહલીએ ગાવસ્કરના સતત 18 ટેસ્ટમાં અજેય રહેવાના રેકોર્ડની બરાબરી કરી. કોહલી મેન ઓફ ધ સિરીઝ. ભારતે તેનો સર્વોચ્ચ સ્કોર 759 રન કર્યા હતા.

## એશિયન લુઝ ચેમ્પિયનશીપ 2016 જાપાન

ભારતના શિવા કેશવ વિજેતા. લુઝએ બરફમાં ચાલતી એક પ્રકારની સ્લેજ ગાડીની રમત છે.

## ફીફા રેન્કિંગ 2016

ભારત 135 ક્રમે, 2010માં 140મો ક્રમ,1993માં 100મો ક્રમ હતો.

## રણજી ટ્રોફીમાં ગુજરાતના સમીત ગોહેલનો સર્વોચ્ચ સ્કોર

ચાલુ સીઝનમાં ઓડિશા સામે નોટઆઉટ 359 રન કર્યા. 117 વર્ષ જુનો બોબી એબલનો 357 રનનો રેકોર્ડ તોડ્યો. ભારતનો ફર્સ્ટ ક્લાસ મેચનો સર્વોચ્ચ સ્કોર નિમ્બાલકર(443 રન) નો છે.જ્યારે વિશ્વમાં બ્રાયન લારાએ વોરવિકશાયર તરફથી 1994માં 501 રન કર્યા હતા જે આજે પણ વિશ્વ રેકોર્ડ છે.

### *વર્લ્ડ ચેસ ચેમ્પિયનશીપ 2016 (ન્યુયોર્ક)*

વિજેતા - મેગ્નેસ કાર્લસન (નોર્વે) સળંગ ત્રીજીવાર

ઉપવિજેતા – સેર્ગેય કાર્જાકિન (રશિયા)

### *બિલીમોરાના ટિન્કલ ભંડારીને ઓમાનની નેશનલ ટીમમાં સ્થાન મળ્યુ.*

### *વર્લ્ડ સુપર બેડમિન્ટન સીરીઝ 2016*

વિશ્વની ટોચની 8 ખેલાડીઓ વચ્ચે દુબઈમા રમાઈ. પી.વી.સિંધુ પ્રથમવાર ક્વોલિફાઈ થઈ.

વિજેતા - તાઈ ઝુ યિંગ (ચીન)

ઉપવિજેતા – સુંગ જી હ્યાન (દક્ષિણ કોરીયા)

### *રણજી ટ્રોફીમાં ગુજરાતનાં પ્રિયાંક પંચાલે ત્રેવડી સદી કરી.*

314 રન કર્યા. ત્રેવડી સદી કરનાર ગુજરાતના પ્રથમ બેટ્સમેન બન્યો. ચાલુ વર્ષમાં રણજીમાં સૌથી વધુ રન કરનાર બેટ્સમેન બન્યો.

GK EXAM

# શોર્ટ રિવ્યુ

## ચર્ચિત વ્યક્તિ

1. *જસ્ટીસ જે.એસ.ખેહર* – તા. 4 જાન્યુઆરી 2017 થી ભારતના 44માં મુખ્ય ન્યાયધીશ તરીકે શપથ લેશે તેનો કાર્યકાળ 4 ઓગષ્ટ 2017 સુધી રહેશે. તેઓ સુપ્રીમ કોર્ટના પ્રથમ શીખ મુખ્ય ન્યાયધિશ બન્યા છે.
2. *નાવીદ મુખ્તાર* – પાકિસ્તાનની જાસુસી સંસ્થા ISI ના નવા વડા તરિકે નિમણુંક થઈ.
3. *ડુપ્લેસીસ* – સાઉથ આફ્રિકાની ક્રિકેટ ટીમના નિયમીત કેપ્ટન બન્યા.
4. *એ.આર.રહેમાન* – આ વર્ષના ઓસ્કાર એવોર્ડ માટે તેમની ફિલ્મ 'ચેલો : ધ બર્થ ઓફ ધ લિજેન્ડ' માટે તેમનું નોમીનેશન થયુ.
5. *સ્મૃતિ મંધાતા* – ICC દ્વારા જાહેર કરાયેલ મહિલા ક્રિકેટ ટીમમાં ભારતની એકમાત્ર ખેલાડી ની પસંદગી.
6. *પાઉલો જેંટિલો* – ઈટલીના નવા વડાપ્રધાન બન્યા.
7. *પ્રિયંકા ચોપરા* – યુનિસેફના દસ વર્ષ માટે ગુડવિલ એમ્બેસેડર (સદભાવના દૂત) બન્યા.
8. *શશીકલા* – જયલલિતાના નિધન બાદ AIADMK (ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કગઝમ) પક્ષના મહામન્ત્રી બન્યા. તેઓ ચિન્નમ્મા (નાની અમ્મા) તરીકે પ્રખ્યાત છે.

## શબ્દસંક્ષેપ

1. ***POST TRUTH*** – ઓક્ષફોર્ડ ડિકશનરી દ્વારા વર્ષ 2016નો શબ્દ જાહેર કરવામાં આવ્યો, જેનો અર્થ થાય છે પરિસ્થિતિઓ તરફ ઈશારો કરવો.

## નિમણૂંક

1. *પનિરસેલ્વમ* – જયલલિતાના નિધન બાદ તામિલનાડુના 6 ડિસેમ્બર 2016ના મુખ્યમંત્રી બન્યા છે.
2. *રાકેશ અસ્થાના* – સીબીઆઈના નવા ડાયરેક્ટર તરીકે 2 ડિસે.ના નિમણૂક. તેઓ ગુજરાત કેડરના IPS અધિકારી છે.
3. *બિપીન રાવત* – 31 ડિસેમ્બરના નવા સેનાધ્યક્ષ બન્યા.
4. *બિરેન્દ્રસિંહ ધાનોવા* – 31 ડિસેમ્બરના નવા વાયુદળના વડા બન્યા.
5. *વિરલ આચાર્ય* – RBI ના નવા ડેપ્યુટી ગવર્નર તરીકે નિમંણૂક થઈ. તેઓ ન્યુયોર્ક યુનિવર્સિટીમાં પ્રોફેસર છે.
6. *રાજીવ જૈન* – 31 ડિસેમ્બરના ઈન્ટેલિજન્સ બ્યુરોંના નવા વડા બન્યા.
7. *અનિલ ધસ્માના* – 31 ડિસેમ્બરના ભારતની જાસુસી સંસ્થા રો (RAW – રિચર્સ એન્ડ એનાલિસીસ વિંગ)ના નવા વડા બન્યા.
8. *અનિલ બૈઝલ* – 28 ડિસેમ્બરના દિલ્હીના નવા ડેપ્યુટી ગવર્નર (ઉપરાજ્યપાલ) તરીકે નિમણૂંક.
9. *નવિનચંદ્ર શેઠ* – ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિમણૂંક.
10. *મેંગ હોંગવઈ* – ચીનના આ પોલિસ અધિકારીની નિમણૂંક ઈન્ટરપોલ (International Criminal Police Organization) ના વડા તરીકે ચાર વર્ષ માટે થઈ છે. સ્થાપના – 1923, વડુમથક- લિયોન (ફ્રાન્સ), સભ્યદેશ – 190
11. *ક્રાઉન પ્રિન્સ વજલોંગકોર્ન* – થાઈલેન્ડમાં 1782મા સતામાં આવેલા ચક્રી શાષકના દસમાં રાજા બન્યા છે. તેમના પિતા ભૂમિબોલ વિશ્વમાં કોઈ દેશમા સૌથી વધુ સમય તરીકે રાજા રહ્યા હોય તે એક રેકોર્ડ છે.

## એવોર્ડ

1. *શ્રેષ્ઠ એથ્લિટ એવોર્ડ 2016* – **IAAF** (ઈન્ટરનેશનલ એમેચ્યોર એથ્લેટિક્સ ફેડરેશન) દ્વારા આપવામાં આવતો આ એવોર્ડ યુસેન બોલ્ટ વર્ષ 2008 થી 2013 સુધી પાંચવાર જીતી ચુક્યો છે. વર્ષ 2016ના વિજેતા આ મુજબ
   યુસેન બોલ્ટ (મેન) – જમૈકા,
   અલમાઝ અપના (વુમન) – ઈથોપિયા
2. *ટાઈમ પર્સન ઓફ ધ યર 2016* –ડોનાલ્ડ ટ્રમ્પ(અમેરિકા) આ મેગેઝીનની શરૂઆત 1927થી થઈ હતી. એકમાત્ર ભારતીય ગાંધીજીને 1930માં પર્સન ઓફ ધ યર થયા હતા. 1999 સુધી તેનું નામ મેન ઓફ ધ યર હતુ.
3. *મીસ વર્લ્ડ 2016* – સ્થળ વોશિંગ્ટન (અમેરિકા)
   સ્ટેફની ડેલે (પ્યુટો રિકો)
4. *લિજેન્ડ એવોર્ડ 2016* – ઈન્ટરનેશનલ બોક્સિંગ એસોસિએશન **(AIBA)** દ્વારા 70મા સ્થાપના દિવસે 20 ડિસેમ્બરના ઓલિમ્પિકમાં બ્રોંઝ અને પાંચવારની વર્લ્ડ ચેમ્પિયન એમ.સી.મેરિકોમને(ભારત) આ એવોર્ડ મળ્યો.
5. *ICC એવોર્ડ 2016* –
   ક્રિકેટર ઓફ ધ યર – આર.અશ્વિન (ભારત)
   ટેસ્ટ પ્લેયર ઓફ ધ યર - આર.અશ્વિન (ભારત)
   વનડે પ્લેયર ઓફ ધ યર – ડી કોક (દક્ષિણ આફ્રિકા)
   ટી20 પ્લેયર ઓફ ધ યર – કાર્લોસ બ્રાથવેઈટ (વે.ઈ.)
   વુમન વનડે પ્લેયર ઓફ ધ યર – સુઝી બટેલ (ન્યુઝી)
   વુમન ટી20 પ્લેયર ઓફ ધ યર – સુઝી બટેલ (ન્યુઝી)
   અમ્પાયર ઓફ ધ યર – મેરિયસ ઈરાસ્મસ (દ.આફ્રિકા)
   **ICC** દ્વારા વર્ષના સર્વશ્રેષ્ઠ ક્રિકેટરને સર ગારફિલ્ડ સોબર્સ ટ્રોફી આપવામાં આવે છે. આ પહેલા દ્રવિડ (2004) અને સચીન (2010)માં વિજેતા થયા હતા.
6. *ફિફા વર્લ્ડ ફુટબોલર ઓફ ધ યર 2016* – ક્રિસ્ટીયાનો રોનાલ્ડો (પોર્ટુગલ) 2008, 2013, 2014માં પણ વિજેતા.
7. *બેડમિંટન વર્લ્ડ ફેડરેશન એવોર્ડ 2016* –
   મેન પ્લેયર ઓફ ધ યર – લીચોંગ વેઈન (ચીન)
   વુમન પ્લેયર ઓફ ધ યર – મિસાકી માત્સુટોમો અને અયાકા ટાકાશાહી (જાપાન)ને સંયુક્ત મળ્યો
   મોસ્ટ ઈમ્પ્રુવ્ડ પ્લેયર ઓફ ધ યર – પીવી સન્ધુ
8. *ITF ફેડરેશન એવોર્ડ 2016* – ઈન્ટરનેશનલ ટેનિસ ફેડરેશન ઓફ ધ યર એવોર્ડ નીચે મુજબ છે.
   મેન – એન્ડિ મરે (બ્રીટન)
   વુમન – એન્જેલીક કેર્બર (જર્મની)
   મેન ડબલ્સ – જેમી મરે(બ્રીટન),બ્રુનો સોરેસ (બ્રાઝીલ)
   વુમન ડબલ્સ – કારોલીના ગાર્સીયા અને ક્રિસ્ટ્રીના મેલાડેનોવિસ (ફ્રાન્સ)
9. *રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી એવોર્ડ 2016* – ગુજરાતી ભાષા માટે આ વર્ષનો એવોર્ડ કમલ વોરાને તેના કાવ્યસંગ્રહ 'અનેકએક' માટે મળ્યો છે.
10. *સોમનાથ સુવર્ણ ચંદ્રક* – ડાયભાઈ શાસ્ત્રી (2014), ડૉ.વિજયશંકર પંડયા (2015), પ્રો.જીવણભાઈ પરમાર (2016)

## ઉત્સવ / તહેવાર

1. *પ્રમુખસ્વામી મહારાજ જન્મજયંતી મહોત્સવ* – ગુજરાતના સુરત ખાતે તા. 27 નવેમ્બર થી 7 ડિસેમ્બર 2016 સુધી ઉજવાયો.
2. *ગુજરાત લિટરેચર ફેસ્ટિવલ 2016* – અમદાવાદ, ત્રીજુ ફેસ્ટિવલ હતું.

## સંમેલન/ સમારોહ

1. ***6ઠ્ઠ હાર્ટ ઓફ એશિયા પરિષદ 2016*** – અફઘાનિસ્તાનના આંતર ઉકેલ પર ચર્ચા કરવા માટે અમૃતસર ખાતે 14 દેશોના પ્રતિનિધીઓનું સંમેલન મળ્યુ.
2. ***વેસ્ટેક 2016*** – ગાંધીનગર ખાતે પ્રયાવરણની જાળવણી માટે અને વેસ્ટેકના નિકાલ અર્થે આંતરરાષ્ટ્રીય કક્ષાનુ સંમેલન મળ્યુ હતુ.
3. ***29મૂ ગુજરાત સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્ર*** – બનાસકાંઠાના વડગામ તાલુકાના મગરવાડા ખાતે જ્ઞાનસત્ર મળ્યુ. ગુજરાત સાહિત્ય પરિષદના અધ્યક્ષ ચંદ્રકાંત ટોપીવાલા છે.

## અવસાન

1. ***જે.જયલલિતા*** – 6 ડિસેમ્બરના તામિલનાડુના મુખ્યમંત્રીનુ અવસાન.
2. ***કેરી ફિશર*** – સ્ટાર વોર્સ ફિલ્મ સિરીઝની વિશ્વ વિખ્યાત અભિનેત્રી. 60 વર્ષે વોશિંગટનમાં અવસાન.
3. ***સુંદરલાલ પટવા*** – મધ્યપ્રદેશનાં પૂર્વ મુખ્યમંત્રી. 92 વર્ષે અવસાન.
4. ***રામાસ્વામી*** – પૂર્વ રાજ્યસભાના સાંસદ, પ્રસિદ્ધ પત્રકાર અને જયલલિતાના રાજકિય સલાહકારનુ અવસાન 8 ડિસેમ્બરના થયુ.
5. ***જોન ગ્લેન*** – પૃથ્વીની પરિક્રમા કરનારા પ્રથમ અમેરિકન અવકાશયાત્રીનુ અવસાન 95 વર્ષે થયુ.
6. ***દિનાનાથ ભાર્ગવ*** – પ્રસિદ્ધ ચિત્રકાર, ભારતના રાષ્ટ્રીય પ્રતીક અશોક સ્તંભમાં દર્શાવેલા સિંહનું ચિત્ર તૈયાર કરનારા સભ્યોમાંના તેઓ એક સભ્ય હતા.

## રાજીનામૂ / બર્ખાસ્ત / નિવૃત -

1. ***નજીબ ઝંગ*** – દિલ્હીના 19મા ઉપરાજ્યપાલપદેથી 22 ડિસેમ્બરના રાજીનામુ. તેઓ 9 જુલાઈ 2013થી હોદા પર હતા.
2. ***જોન કી*** – ન્યુઝીલેન્ડના વડાપ્રધાનપદે થી રાજીનામું આપ્યુ. તેઓ પોતાના બાળકોને સમય આપવા માટે પદ છોડ્યુ છે.
3. ***મેત્તો રેન્ઝી*** – ઈટલીના વડાપ્રધાન પદેથી રાજીનામુ.
4. ***મીથુન ચક્રવર્તી*** – રાજ્યસભાના સભ્યપદેથી રાજીનામું આપ્યુ. તેઓ તૃણમુલ કોંગ્રેસના સભ્ય હતા.
5. ***અનિલ સિંહા*** - સીબીઆઈના ડાયરેક્ટર તરીકે 2 ડિસેમ્બરના નિવૃત થયા.

## સમિતિ / કાર્યદળ

1. ***આંતરમંત્રાલય ટાસ્કફોર્સ*** – પાકિસ્તાન સાથે સિંધુ જળ સમજુતીની સમીક્ષા માટે વડાપ્રધાનના મુખ્ય સચિવ નૃપેન મિશ્રાની અધ્યક્ષતામાં એક ઉચ્ચ કક્ષાના ટાસ્ક ફોર્સની રચના થઈ.

## નોંધપાત્ર સ્થળ

1. ***ભીખામપુર*** – ઉત્તરપ્રદેશનાં કાનપુરના આ ગામની મહિલાઓ સ્વાવલંબન માટે ઘઉં બેન્ક ચલાવે છે.
2. ***નડાબેટ*** – ગુજરાત સરકાર દ્વારા બનાસકાંઠાના સુઈ ગામ નજીક પાકિસ્તાન સરહદે આવેલ નડાબેટ ખાતે સીમા દર્શન અને બોર્ડર વ્યુઈંગ સેન્ટરનું ઉદ્ઘાટન થયું. આ સેન્ટરનો પર્યટન સ્થળ તરીકે વિકાસ કરવામાં આવશે.

GK EXAM

## વર્ષ / દિવસ / સપ્તાહ

- ❖ 1 ડિસેમ્બર – વિશ્વ એઈડ્ઝ દિવસ(1988 થી)
- ❖ 1 ડિસેમ્બર – BSF સ્થાપના દિવસ
- ❖ 2 ડિસેમ્બર – રાષ્ટ્રીય પ્રદુષણ નિવારણ દિવસ (1984માં બનેલ ભોપાલ ગેસ દુર્ઘટના બાબતે)
- ❖ 3 ડિસેમ્બર – વિશ્વ વિકલાંગ દિવસ
- ❖ 4 ડિસેમ્બર – ભારતીય નૌકાદળ દિવસ (ભારત-પાકીસ્તાન વચ્ચે 1971માં 4 ડિસેમ્બરના નેવી ભાગ લિધો જેને ઓપરેશન ટ્રાઈડેન્ટ નામ આપવામાં આવ્યુ હતુ.
- ❖ 5 ડિસેમ્બર – વિશ્વ જમીન દિવસ
- ❖ 6 ડિસેમ્બર – ડૉ.બાબાસાહેબ નિવાર્ણ દિન (1956) નેલ્સન મંડેલા નિવાર્ણ દિન (2013),રાષ્ટ્રીય નાગરિક સુરક્ષા દિવસ
- ❖ 9 ડિસેમ્બર – વિશ્વ એન્ટિ કરપ્શન / વિશ્વ બાલિકા દિવસ
- ❖ 10 ડિસેમ્બર – વિશ્વ માનવાધિકાર દિવસ (1948 થી)
- ❖ 11 ડિસેમ્બર – યુનિસેફ દિવસ (1946માં સ્થાપના)
- ❖ 14 ડિસેમ્બર – રાષ્ટ્રીય ઉર્જા સરંક્ષણ દિવસ
- ❖ 16 ડિસેમ્બર – વિજય દિવસ (1971ના યુદ્ધ વિજય થયુ)
- ❖ 18 ડિસેમ્બર – રાષ્ટ્રીય અલ્પસંખ્યક અધિકાર દિવસ
- ❖ 19 ડિસેમ્બર – ગોવા મુક્તિ દિવસ (1961માં)
- ❖ 22 ડિસેમ્બર – રાષ્ટ્રીય ગણીત દિવસ (શ્રીનિવાસ રામાનુજનનો જન્મદિવસ)
- ❖ 23 ડિસેમ્બર – કિસાન દિવસ (પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણસિંહનો જન્મદિવસ) (2001 થી ઉજવાય છે.)
- ❖ 26 ડિસેમ્બર – ગુજરાત વિદ્વાસભાનો 169 જન્મદિવસ (1848માં એલેકઝાંડર ફાર્બસ અને કવિ દલપતરામે સાથે મળીને તેની સ્થાપના કરી હતી)
- ❖ 28 ડિસેમ્બર – ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના (1885)
- ❖ 29 ડિસેમ્બર – આંતરરાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય દિવસ

## પૂસ્તક

1. *પ્રિન્સિપિયા મેથેમેટિકા* – સર આઈઝેક ન્યુટન દ્વારા ઈ.સ. 1687માં લખાયેલ આ પૂસ્તક હાલ નિલામીમાં 37 લાખ ડોલરમાં વેંચાયુ હતુ.

GK EXAM